| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૦/૦૮/૨૦૨૧ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૫૧૧/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૭ | ૦ | ૧૧૬૩૭ | ૧૭૭૪૮ | ૦ | ૧૭૭૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૮ | ૦ | ૬૨૬૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૭ | ૦ | ૧૦૭ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૮૫૪૩ | ૧૧૬ | ૬૮૬૫૯ | ૬૯૩૮૫ | ૧૧૯ | ૬૯૫૦૪ |
| | કુલ | ૮૫૦૧૯ | ૧૧૬ | ૮૫૧૩૫ | ૯૩૭૭૫ | ૧૧૯ | ૯૩૮૯૪ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૦ | ૪,૨૨,૫૫૦/- |

| પત્રક-૩ | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૩૭ | ૧૧,૩૭,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૫૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૩૧૩ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૦,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૫૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૫૧૪/૨૦૨૧**

**રામોલ:** અરૂણકુમાર શોભારામ તિવારી (ઉ.વ.૪૫) (રહે. આલોક પેરેડાઇઝ બાપાસિતારામ ચોક વસ્ત્રાલ) એ તા.૧૯/૦૮/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પંજાબ નેશનલ બેંકમાં ખાતુ ધરાવતા હોઈ અરૂણકુમાર તિવારીનુ પંજાબ નેશનલ બેંકનુ નવુ એટીએમ આવતા અરૂણકુમારે પીન નંબર જનરેટ કરવા ગુગલ પરથી પંજાબ નેશનલ બેંકના કસ્ટમર કેર નંબર મેળવી તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૮૩૨૮૯૫૬૭૪ પર સંપર્ક કરતા તેઓએ પ્રોસેસ માટે લીંક મોકલી હતી ત્યારબાદ મોબાઈલ નંબર ૯૮૮૩૮૭૬૧૪૮ ના ધારકે અરૂણકુમારને ફોન કરી મોકલેલ લીંકમાં અરૂણકુમારનો બાયોડેટા તેમજ જુના એટીએમ તથા નવા એ.ટી.એમ કાર્ડની વિગત મેળવી લઈ પીન જનરેટ કરી આપવાના બહાને અરૂણકુમારના પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી રૂપિયા ૩૩,૩૧૫/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૫૧૫/૨૦૨૧**

**વટવા જીઆઇડીસી:** પરેશભાઇ ધનસુખરાય રાવલ (રહે. મહેર હોમ્સ ક્લબ ઓસેવન પાસે શેલા તા-સાણંદ જી-અમદાવાદ) એ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૨૧ રાતના ૦૦/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન જીઆઇડીસી વટવા ફેઝ-૧ પ્લોટ નં ૧૦/૬ હિન્દપ્રકાશ કેમીકલ પ્રા.લિ.કંપનીની ઓફીસની કેબીનોના દરવાજાના તાળા તોડી ચાર અજાણ્યા ચડ્ડી બનીયાનધારી વ્યક્તિ પ્રવેશ કરી ઓફિસમાથી તિજોરી તોડી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- તથા બીજી કંપનીના ડાયરેક્ટર શ્રી અભિનવ અગ્રવાલ નાઓના કેબીનમા આવેલ ટેબલનુ ડ્રોવરનુ લોક તોડી રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૯,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.આર.ગોહિલ ચલાવે છે.

**કાગડાપીઠ**: માયાબહેન નારાયણભાઈ કોષ્ટી (રહે. નાનપુરાની ચાલી આદર્શ સ્કુલ સામે લક્ષ્મી કોલોનીની બાજુમાં કાંકરીયા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી તા.૧૯/૦૮/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ સ્ટોપર તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીનું લોક તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**<u>આત્મહત્યા</u>:-** **<u>સમાચાર યાદી નં.૧૫૧૬/૨૦૨૧</u>**

**એલીસબ્રીજ**: તનીશાબહેન ડો/ઓ મનુભાઇ પરમાર (ઉ.વ.૧૭) (રહે. આંબેડકર કોલોની સી.એન.વિદ્યાલય પાછળ આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

**સરદારનગર**: કાજલબહેન ડો/ઓ પ્રકાશભાઇ ખાનદેશી (ઉ.વ.૧૪) (રહે. ડી-વોર્ડ મોચીપાડા કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૧ કલાક ૧૧/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી